પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૨ | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૮, મંગળવાર ; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**યુકેમાં હિમવર્ષા બાદ પૂર**

બ્રિટનમાં થઈ રહેલી હિમવર્ષાને કારણે છેલ્લા બે વર્ષનું સૌથી નીચું તાપમાન નોંધવામાં આવ્યું છે. હિમવર્ષા અને ભારે પવન બાદ બ્રિટનમાં પૂરની નવી મુસીબત આવી રહી છે.

**મોદીના વખાણ પાક. રાજદૂતને ભારે પડયા**

અમેરિકામાં પાકિસ્તાનના રાજદૂત રહી ચુકેલા હુસૈન હક્કાનીએ મોદીની પ્રશંસા કરતા તેમના પર મુસીબતના વાદળો છવાયા છે. તેમના પર રાજદ્રોહનો કેસ દાખલ કરાયો છે.

**પ્રસૂન જોશીને ઝેડ પ્લસ સુરક્ષા**

ફિલ્મ સેન્સર બર્ડના ચેરપર્સન પ્રસૂન જોશીને ઝેડ પ્લસ સુરક્ષા આપવાનો નિર્ણય કરાયો છે. જયપુર લીટરેચર ફેસ્ટીવલમાં ભાગ લેવા માટે તેઓ રાજસ્થાન થશે જયાં ‘પદ્માવત’ ફિલ્મને લઈને તેમનો વિરોધ થઈ શકે છે.

**નાગાલેન્ડના પૂર્વ મુખ્યમંત્રી ભાજપમાં જોડાયા**

નાગાલેન્ડના પૂર્વ મુખ્યમંત્રી કે.એલ. ચીસી, પૂર્વગૃહમંત્રી વાય. પટોન અને ધારાસભ્ય જકોન સહિત ૧૧ અગ્રણીઓ સોમવારે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે.

# અમદાવાદ સિરિયલ બ્લાસ્ટનો સૂત્રધાર કુરૈશી ઝડપાયો

**દેશભરના આંતકવાદી હુમલાઓમાં અબ્દુલ સુભાનની સક્રિય સંડોવણી : ૨૬મી જાન્યુઆરી પૂર્વે દિલ્હીમાં મોટાપાયે બ્લાસ્ટ માટેનું કાવતરૂ પોલીસે નિષ્ફળ બનાવ્યુ**



અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ શહેરમાં જૂલાઈ-૨૦૦૮માં ૨૦થી વધુ જુદી જુદી જગ્યાઓ પર થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટના ચકચારભર્યા આંતકવાદી હુમલાની ઘટનામાં મોસ્ટ વોન્ટેડ આંતકવાદી અબ્દુલ સુભાન કુરૈશી ઉર્ફે કાસીમ ઉર્ફે જાકીર ઉર્ફે કબ તૌકિર હાજી ઉસ્માન કુરૈશી આજે દિલ્હીમાંથી આબાદ ઝડપાઈ જતાં દિલ્હી પોલીસને બહુ મોટી સફળતા મળી છે કારણે કે, દેશભરના આંતકવાદી હુમલાઓ પૈકીના મોટાભાગના હુમલાઓમાં આંતકવાદી અબ્દુલ સુભાન કુરૈશીની સીધી કે આડકતરી સંડોવણી હતી. આંતકી અબ્દુલ સુભાન કુરૈશીને દુનિયાના ટોપ બોમ્બર્સમાં સામેલ કરવામાં આવતો હતો અને તેને ભારતનો

ઓસામા બિન લાદેનના નામથી પણ ઓળખવામાં આવતો હતો કારણ કે, દેશના ઘણા બધા આંતકી હુમલામાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલો રહેતો હતો. કુરૈશી ૨૦૦૬ના મુંબઈ ટ્રેન બ્લાસ્ટમાં પણ સંડોવાયેલો હોવાનું મનાઈ રહ્યું છે. તે સીમીનો ટોપ કમાન્ડર હતો, તેણે અન્ય આંતકવાદીઓની મદદથી ઈન્ડિયન મુઝાહિદીનની શરૂઆત કરી હતી.

દિલ્હી, ગુજરાત, બેંગ્લુરૂ, જયપુર અને મહારાષ્ટ્રના બ્લાસ્ટ તેમ જ આંતકી હુમલાઓ સહિતના અનેક ગંભીર આંતકવાદી

● અનુસંધાન પાન-૭ પર

## પદ્માવત ફિલ્મના મામલે આજે સુપ્રીમમાં મહત્વની સુનાવણી

**મધ્યપ્રદેશ, રાજસ્થાન સરકાર દ્વારા ફિલ્મની રજૂઆત પર મુકવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લેવાના અગાઉના આદેશમાં સુધારો કરવાની માંગણી સાથે અરજી કરી**

નવી દિલ્હી,તા. ૨૨

સંજય લીલા ભણશાળીની ફિલ્મ પદ્માવતને લઈને વિવાદ અકબંધ રહ્યો છે. દેશભરમાં ફિલ્મની રજૂઆતને લઈને ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે હવે રાજસ્થાન સરકાર અને મધ્યપ્રદેશ સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં ફિલ્મ પરના પ્રતિબંધને ઉઠાવી લેવાના તેના નિર્ણયમાં સુધારા કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આવતીકાલે આ તમામ અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. ફિલ્મ દેશમાં ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવ્યા બાદ ફિલ્મની રજૂઆતને લઈને હજુ પણ સંકટના વાદળો ઘેરાયેલા છે. ગયા ગુરુવારના દિવસે જ સુપ્રીમ કોર્ટે રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ દ્વારા ફિલ્મ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લેવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદથી વિરોધ પ્રદર્શનનો દોર જુદા જુદા રાજ્યોમાં ચાલી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ ઉઠાવતી વેળા કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા માટેની જવાબદારી સંબંધિત રાજ્ય સરકારોની છે. સુપ્રીમ કોર્ટે રાજ્યો દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણોને ઉઠાવી લેવાનો આદેશ કર્યો હતો. ફિલ્મ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધ સામે નિર્માતા નિર્દેશકો દ્વારા સુપ્રીમમાં અરજી કરવામાં આવી હતી. મધ્યપ્રદેશ અને રાજસ્થાને આજે કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાને જાળવવાની બાબત બંધારણીય ફરજ છે. ફિલ્મની રજૂઆતને રોકવા માટે વાત કરવામાં આવી છે. કારણ કે અનિચ્છનીય બનાવ બનવાની દહેશત રહેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જજ લોયા સંદર્ભના તમામ કેસ સુપ્રીમમાં ટ્રાન્સફર કરાશે

**જજ લોયા કેસમાં નિષ્પક્ષ તપાસ થવી જોઇએ : સુપ્રીમ કોર્ટનો મત : ભાજપ પ્રમુખ અમિત શાહના નામનો ઉલ્લેખ કરાતા કોર્ટે નારાજગી વ્યક્ત કરી : મહારાષ્ટ્રની બે અરજી સુપ્રીમમાં આવશે : બીજીએ વધુ સુનાવણી થશે**

નવી દિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટમાં આજે જજ લોયાની મોતના મામલામાં તપાસને લઈને દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની બેંચ દ્વારા હાથ ધરવામાં આવી હતી. બેંચે કહ્યું હતું કે, આ કેસની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ ગંભીર મામલો છે. કોર્ટ તમામ કાગળોમાં ધ્યાન આપશે. તમામ સંબંધિત પક્ષોને સીલકવરમાં દસ્તાવેજો રજૂ કરવા માટે આદેશો કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે, હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલા તમામ કેસ સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર થશે. સુનાવણી દરમિયાન ભાજપ અધ્યક્ષ અમિત શાહના નામનો ઉલ્લેખ કરવામાં આવતા કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. આ આદેશ બાદ જજ લોયાના મોત સાથે જોડાયેલી બે અરજી મુંબઈ હાઈકોર્ટથી સુપ્રીમ કોર્ટમાં જશે. અલબત્ત મહારાષ્ટ્ર સરકારે પોતાની રજૂઆતમાં કહ્યું છે કે, જજ લોયાનું અવસાન હાર્ડએટેકથી થયું હતું. તપાસમાં કોઈ પણ પ્રકારના કાવતરાની વાત સપાટી ઉપર આવી

● અનુસંધાન પાન-૭ પર

## આંતરરાષ્ટ્રીય સરહદ પર અંધાધૂંધ ગોળીબારના પગલે અનેક ગામ ખાલી થયા

**તમામ ગામો ભુતિયા ગામમાં ફેરવાઇ ગયા છે : પાંચમા દિવસે પણ ગોળીબાર જારી પાકના ગોળીબારમાં પાંચ જવાન સહિત ૧૧ના મોત : ૫૦થી વધુ લોકો ઘાયલ**

શ્રીનગર,તા. ૨૨

છેલ્લા પાંચ દિવસથી આંતરરાષ્ટ્રીય સરહદ અને જમ્મુ ક્ષેત્રની અંકુશ રેખા નજીક પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાની ગોળીબારના કારણે હવે મોટી સંખ્યામાં ગામો ખાલીખમ થઈ ગયા છે. આ ગામો ભુતિયા ગામમાં ફેરવાઈ ગયા છે. ફાયરિંગ રેંજમાં આવનાર તમામ સ્કુલોને બંધ રાખવામાં આવી રહી છે. પાકિસ્તાનના સતત ગોળીબારના કારણે સેનાના જવાનોની સાથે નાગરિકો પણ જાન ગુમાવી રહ્યા છે. સતત ગોળીબારથી આરએસ પુરા, અર્નિયા, રામગઢ, હિરાનગર, કનાચક, પર્ગવલ સેક્ટરમાં રહેનાર લોકો પોતાના ઘરને છોડીને જતા રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. જેમાં મોટી સંખ્યામાં લોકો રહે છે. જમ્મુના ડેપ્યુટી કમીશ્નરના કહેવા મુજબ અર્નિયામાં ૪૧ હજાર લોકો પૈકી ૩૧ હજાર લોકો પલાયન કરી ચુકયા છે. સચેતગઢમાં પાચ હજાર લોકો સુરક્ષિત સ્થળ પર પહોંચી ગયા છે. હાલમાં સરહદ પર પાકિસ્તાન દ્વારા કરવામા ંઆવેલા ગોળીબારમાં ૧૨૯ પશુના મોત થયા છે. ભારે ગોળીબારના કારણે સેંકડો મકાનોને નુકસાન થયુ છે. છેલ્લા પાંચ દિવસથી જારી ગોળીબારમાં ૧૧ લોકોના મોત થયા છે. જેમાં છ નાગરિકો અને પાંચ સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે. અન્ય ૬૦ લોકો ઘાયલ પણ થયા છે.

## મોદીને પ્રધાનમંત્રી પદનો અંહકાર છે : અન્ના હઝારે



ન્યુ દિલ્હી,તા.૨૨

સામાજિક કાર્યકર્તા અન્ના હજારે પીએમ મોદી પર આરોપ લગાવતા કહ્યું કે પીએમ મોદીને પ્રધાનમંત્રી પદનો અહંકાર છે. અન્નાએ કહ્યું, ‘હું છેલ્લા ત્રણ વર્ષમાં પીએમ મોદીને ૩૦થી વધારે પત્ર લખી ચૂકયો છું, પરંતુ તેમણે ક્યારે તેનો જવાબ આપ્યો નથી. મોદીને પ્રધાનમંત્રી પદનું અહંકાર છે અને આ જ કારણ છે કે તેઓ મારા પત્રોનો જવાબ નથી આપી રહ્યા.’

અન્ના હજારેએ અગાઉ પણ કહ્યું હતું કે તેઓ ૨૩ માર્ચથી આંદોલનના આગામી તબક્કાની શરૂઆત કરવા જઈ રહ્યાં છે. અન્ના હજારે કહ્યું કે આ વખતે એવું મોટું આંદોલન થશે જે પહેલા ક્યારેય નહીં થયું હોય અને આ સરકાર માટે ચેતવણી રહેશે. અન્નાએ આંદોલન પહેલા આ પણ સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે આ વખતે એવા લોકોજ આંદોલનમાં જોડાશે જે ભવિષ્યમાં કોઈ રાજકીય પાર્ટીમાં નથી જોડાવાના.

અન્ના હજારે દેશમાં વધી રહેલા કૃષિ સંકટને લઈને ૨૩ માર્ચે દિલ્લીમાં એક મોટી રેલી કાઢવાના છે. તેમણે દાવો કર્યો કે છેલ્લા ૨૨ વર્ષમાં દેશમાં ૧૨ લાખથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

## મેઘાલયમાં હવે ભાજપ એકલા હાથે ચૂંટણી લડશે

ગુવાહાટી,તા. ૨૨

મેઘાલયમાં ક્ષેત્રીય દળો સાથે ગઠબંધનની અટકળોને ફગાવી દઈને ભાજપે એકલા હાથે ચૂંટણી લડવા માટેની તેની યોજના જાહેર કરી દીધી છે. આ નિર્ણયને રાજકીય રીતે ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે મેંઘાલયમાં તેનુ નેટવર્ક નબળુ રહેલુ છે. પાર્ટીએ રાજ્યની તમામ ૬૦ સીટ માટે ઉમેદવારોના નામની પ્રથમ યાદી તૈયાર કરી લીધી છે. આ યાદી તૈયાર કરીને તેને મંજુરી માટે કેન્દ્રિય ચૂંટણી સમિતિને મોકલી દેવામાં આવ્યુ છે. ભાજપના મેઘાલય યુનિટના અધ્યક્ષ શિબુન લિંગદોહે કહ્યુ છે કે આ વખતે અમારુ વલણ એ છે કે અમે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરીશુ. અમે કેન્દ્રિય ચૂંટણી સમિતિને ૬૦ ઉમેદવારોની યાદી મોકલી ચુકયા છીએ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

